૧૨ના આંકના અનોખા સમન્વય વચ્ચે શહેરમાં ૩૪ બાળકોનો જન્મ

તારીખ, મહિના અને વર્ષમાં આકડાંની સામ્યતાને લઈ બેબી બોર્ન માટે ક્રેઝ જોવા મળ્યો

ગાંધીનગર, તા.૧૨

વર્ષ, મહિના અને તારીખની દૃષ્ટિએ ૧૨/૧૨/૧૨નો અનોખો સમન્વય ધરતા આજના દિવસે શહેરની સિવિલ હોસ્પિટલ સહિત નર્સીંગ હોમમાં ૩૪ જેટલા બાળકોનો જન્મ થયો હતો. અમુક કિસ્સામાં આજના ઐતિહાસિક દિવસને યાદગાર બનાવવા સિઝેરીયનથી બેબી બોર્ન કરવા માટેનો આગ્રહ રાખવામાં આવ્યો હતો. ન્યુમેરોલોજીમાં માનતા વ્યકિતઓની દૃષ્ટિએ પણ ૧૨ના આંકનો અનોખો સમન્વય ધરાવતા આજના ઐતિહાસિક દિવસનું વિશેષ મહત્વ હોવાનું મનાય છે.

જયોતિષ શાસ્ત્ર મુજબ બાળકના જન્મની તારીખ, સ્થળ અને સમય અત્યંત મહત્વની બાબત હોય છે. જયારે એક શાસ્ત્રમાં મજબૂત રીતે માનતો હોય તેવો વર્ગ પણ વિશેષ છે. જેથી આજના હાઈટેક યુગમાં પણ ન્યુમેરોલોજીનું મહત્વ અને ક્રેઝ જોવા મળે છે. મહિના, વર્ષ અને તારીખનો અનોખો સમન્વય જવલ્લેજ જોવા મળે છે.

જેથી કેલેન્ડરમાં અનોખી સામ્યતા ધરાવતા આ દિવસનું આગવું મહત્વ માનવામાં આવે છે. ગત વર્ષ ૨૦૧૧ દરમિયાન પણ ૧૧/૧૧/૧૧ના દિવસે બીબી બોર્ન થાય તેવા આયોજન માટે ક્રેઝ જોવા મળ્યો હતો. સામાન્ય દિવસો કરતાં તારીખ વર્ષ અને મહિનાની દૃષ્ટિએ આંકડાકીય સામ્યતા ધરાવતા આ દિવસે બાળકનો જન્મ થાય તેવો આગ્રહ પણ કેટલાક પેરેન્ટસ રાખતા હોય છે. ૧૨/૧૨/૧૨ના આજના અનોખા દિવસે શહેરની સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી નર્સીંગ હોમમાં અંદાજીત ૩૪ બાળકોએ જન્મ લીધો હોવાનું ધ્યાને આવ્યું છે.

શહેરના ગાયનેક ડૉ. નવીન પટેલના નર્સીંગ હોમમાં બપોરે ૧૨ વાગ્યે ટવીન્સ બેબી બોય અને અને ગર્લનો જન્મ થયો હતો. જયારે આજના દિવસે ડૉ. પ્રકાશ જોષીના ગાયનેક હોમમાં પણ સિઝેરીયનથી બેબી બોર્ન થઈ હતી. નગરની સિવિલ હોસ્પિટલમાં પણ આજના ઐતિહાસિક દિવસે અંદાજીત ૧૧ બાળકોનો જન્મ થયો હતો.

શહેરના નર્સીંગ હોમમાં ૧૨ના આંકડાની તારીખ મહિના અને વર્ષની સામ્યતાને લઈ બેબી બોર્ન માટે અમુક કિસ્સામાં સિઝેરીયનની ડેટ પણ ફિક્સ કરી દેવામાં આવી હોવાનું માલુમ પડયું છે. તો અમુક કિસ્સામાં કુદરતી રીતે આજના દિવસે બાળકનો જન્મ થતા ગાયનેક હોસ્પિટલોમાં હર્ષની લાગણી જોવા મળી હતી.

સિતારવાદક પં. રવિશંકરનું નિધન

ભારત રત્ન સહિતના તમામ ટોચના સન્માન મેળવી ચુકેલા રવિશંકરે હાલમાં અમિતાભ સાથે વાતની ઈચ્છા વ્યક્ત કરી હતી : ઘણા સમયથી બિમાર હતા

મુંબઈ, તા.૧૨

ભારતીય સંગીતને દુનિયાભરમાં લોકપ્રિય બનાવનાર જાણીતા સિતારવાદક પંડિત રવિશંકરનું આજે સવારે સેનડિયેગોમાં અવસાન થયુ હતુ. તેઓ ૯૨ વર્ષના હતા. દ બિટલ્સ જેવા પશ્ચિમી સંગીતકારો પર પણ તેમનું પ્રભુત્વ હતુ. રવિશંકર છેલ્લા ઘણા સમયથી બિમાર હતા. તેમના પર ગયા ગુરુવારે કેલિફોર્નિયાના લા-જોલા સ્થિત સ્ક્રિપ્સ મેમોરિયલ હોસ્પિટલમાં હાર્ટ ઉપર સર્જરી કરવામાં આવી હતી. રવિશંકરને ગયા સપ્તાહમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે વખતે તેઓએ શ્વાસ લેવામાં તકલીફ હોવાની ફરિયાદ કરી હતી. તેમના પત્નિ સુકન્યા અને પુત્રી અનુષ્કાર શંકરે એક સંયુક્ત નિવેદન જારી કરીને કહ્યુ છે કે પંડિત રવિશંકરનું નિધન થઈ ગયુ છે. રવિશંકરના ભારત અને અમેરિકા બંને જગ્યાએ આવાસ હતા. ગયા ગુરુવારે જ તેઓએ હાર્ટ વાલ્વ રિપ્લેસમેન્ટ સર્જરી કરાવી હતી. અલબત્ત આ સર્જરી સફળ થઈ હતી પરંતુ ૯૨ વર્ષની વય હોવાથી રિકવરી હોવામાં તકલીફ પડી રહી હતી. મહાન સંગીતકાર પંડિત રવિશંકર સમગ્ર વિશ્વમાં જાણીતા હતા. અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ પણ પંડિત રવિશંકરે મેળવ્યા હતા. ગયા સપ્તાહમાં જ પંડીત રવિશંકરે સુપર સ્ટાર અમિતાભ બચ્ચન સાથે વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અમિતાભે તેમના બ્લોગમાં લખ્યું હતું કે મહાન સંગીતકાર પંડિત રવિશંકરના આવાસ પરથી તેમને કોલ આવ્યો હતો જે તેમના માટે ગર્વની વાત હતી. તેમની પત્ની શુકન્યાજી તેમની સાથે વાતચીત કરવા ઈચ્છતા હતા. રવિશંકરે તેમની સાથે વાત કરવાની ઈચ્છા વ્યક્ત કર્યા બાદ સુકન્યાજીએ ફોન લગાવ્યો હતો. રવિશંકરના પત્નીએ કહ્યું હતું કે ગુરુવારના દિવસે તેમની સર્જરી કરવામાં આવનાર છે. રવિશંકર તેમના પત્ની સુકન્યા, સંગીતકાર પુત્રી સીતારવાદક અનુષ્કા શંકર, ગાયક નોરાહજોન્સ અને ત્રણ પૌત્રો તથા ચાર અન્ય પરિવારના ઘણા સભ્યોને છોડીને ગયા છે. પંડિત રવિશંકરનો જન્મ ૭મી એપ્રિલ ૧૯૨૦ના દિવસે થયો હતો. સીતારમાં પંડિત રવિશંકરે અભૂતપૂર્વ લોકપ્રિયતા મેળવી હતી. વારાણસીમાં તેમનો જન્મ થયો હતો. તેમના ભાઈ ઉદય શંકરના ડાન્સ ગ્રૂપ સાથે તેમને યુરોપ અને ભારતનો પ્રવાસ કર્યો હતો. સિતારમાં અભ્યાસ કરવા માટે ૧૯૩૮માં ડાન્સીંગ છોડી દેવાનો નિર્ણય કર્યો હતો.

ડીસાની જલારામ સોસાયટી પાસે

બે મોટર સાઈકલ વચ્ચે અકસ્માત : એકનું કરૂણ મોત

ડીસા, તા. ૧૨

ડીસાના જલારામ બંગલોઝ સોસાયટી પાસેથી પસાર થતા એક મોટર સાઈકલ સવારને સામેથી પુર ઝડપે આવતા એક મોટર સાઈકલ સવારે જોરદાર ટક્કર મારતા બન્ને મોટર સાઈકલ સવારો રોડ પર ધડાકાભેર પટકાયા હતાં. જેમાં એક મોટરસાઈકલ સવારને માથાના ભાગે ગંભીર ઈજાઓ થાત તેનું સારવાર દરમ્યાન કરૂણ મોત થયુ હતું. આ મામલે ડીસા શહેર પોલીસે અકસ્માત કરનાર મોટર સાઈકલ સવાર વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે. ડીસાના રેજીમેન્ટ વિસ્તારમાં રહેતા સુરેશભાઈ રૂપાજી ઠાકોર (ઉ. વ. ૪૦) કામકાજ અર્થે પોતાના મોટર સાઈકલ નંબર જી.જે.૮ એમ. ૮૩૦૪ પર સવાર થઈ જતા હતા, તે દરમ્યાન સામેથી આવતા એક અન્ય મોટર સાઈકલ નંબર જી.જે. ૮ એમ. ૮૨૦૪ના ચાલકના ગફલત ભર્યા ડ્રાઈવિંગે સુરેશભાઈ ઠાકોરની મોટરસાઈકલને જોરદાર ટકકર મારતા સુરેશભાઈ રોડ પર પટકાયા હતાં. જેનાથી તેઓના માથા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી. અકસ્માત થતા જ આજુબાજુના રહીશો ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. અને ઘાયલ સુરેશભાઈ ઠાકોરને સારવાર અર્થે ખસેડ્યા હતાં. જ્યા તેઓનું કરૂણ મોત થયુ હતું.

આ મામલે ડીસા શહેર પોલીસે અકસ્માત કરનાર મોટરસાઈકલ સવાર વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે. જ્યારે બીજી તરફ શ્રમજીવી યુવકનું અકસ્માતમાં કરૂણ મોત થતા સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી છવાઈ હતી.

ડીસાના દામા ગામ પાસેથી સર્વેલન્સ ટીમે બે લાખ રોકડ રકમ ઝડપી

તપાસમાં રાજકીય કારણ ન જણાતાં રકમ મૂળ માલિકને પરત કરાઈ



તસવીર : કાન્તિલાલ લોધા

ડીસા, તા. ૧૨

ડીસામાં ચુંટણી પંચની સુચનાએ વિવિધ રાજકીય પક્ષો દ્વારા ચુંટણી કામે મતદારોને રીઝવવા થતી નાણાંની લેવડ દેવડ અટકાવવા સહીતની અનેક બાબતો પર કડકાઈએ નીયંત્રણ રાખવા વિવિધ સ્ટેટીંગ સર્વેલન્સ ટીમ દ્વારા કામગીરી હાથ ધરાઈ છે. જેમાં આજરોજ ડીસા તાલુકાના દામા ગામ પાસેથી પસાર થતી એક મારૂતી કાર અટકાવી તપાસ કરાતા તેમાંથી રોકડ બે લાખની રકમ મળી આવી હતી. જે બાદની તપાસમાં આ રકમ પેટ્રોલપંપ દ્વારા ડીઝલ,પેટ્રોલ વેચાણ દ્વારા મળેલ રોકડ હોવાનું અને આ રકમ કોઈ રાજકીય પક્ષની ન હોવાનું બહાર આવતા સર્વેલન્સ ટીમે મુળ માલીકને રકમ પરત કરી હતી.

આજરોજ બપોરના સમયે સ્ટેટીંગ સર્વેલન્સ ટીમ ડીસાના એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ એમ.સી.જોષી તેમની ટીમ સાથે ડીસાથી થરાદ જતા રોડ પર વાહન ચકાસણી હાથ ધરતા એક મારૂતી કાર નં. જી.જે.૧ એ.પી. ૯૫૭૦ સામેથી આવતી જણાઈ હતી. આ મારૂતીકારના માલીકના કબજામાંથી રોકડ બે લાખની રકમ મળી આવી હતી. જે બાદ તપાસ કરતી સર્વેલન્સ ટીમે ડીસા નાયબ કલેક્ટર કચેરીએ આવી આ બાબતે ઝડપાયેલ કારના માલીક પી.કે. પરમાર નું નિવેદન લઈ તપાસ હાથ ધરતા આ રકમ ગોકુળ એગ્રો કન્ઝ્યુમર્સ નામના પેટ્રોલપંપની રોજબરોજની આવક હોવાનું બહાર આવેલ છે. અને આ નાણાં ધારણ કરનાર માલીક બેંકમાં જમા કરવા લઈ જતા હોવાનું જાહેર થયેલ છે. જેથી ઈન્કમટેક્ષ વિભાગની સુચના અને ગાઈડલાઈન તથા તપાસમાં બહાર આવેલ વિગતો જોતા આ નાંણા કોઈપણ રાજકીય પાર્ટી કે ચુંટણી "વૃત્તીઓ માટેના નાંણા ન હોવાનું સ્પષ્ટ પણે બહાર આવેલ છે. જેથી પુરતી ચકાસણી બાદ આ નાંણા મુળ માલીકને પરત કરાયેલ છે. જ્યારે બીજી તરફ પોતાના માલીકીના નાંણા હોવા છતા કાયદાની ન્યાયીક પ્રકીયામાંથી બહાર નીકળી નાણાં પાછા મળતા તેના માલીકે પણ હાશકારો અનુભવ્યો હતો.

ફુલગુલાબી ઠંડીનું આગમન

સમગ્ર રાજ્યમાં ફરી ઠંડીનો ચમકારો : ગાંધીનગર ૧૧.૧

લઘુતમ તાપમાન ઘટવાની સંભાવના : ઠંડી વધતાં ગરમ વસ્ત્રો ફરી બહાર કાઢી ઉપયોગમાં લેવાની લોકોને ફરજ પડી

અમદાવાદ, તા.૧૨

રાજ્યભરમાં ધીમે ધીમે રાત્રી સમયે ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. શિયાળાની મધ્યને ભાળી ચૂકેલા લોકોએ પેટીઓમાં મુકી દીધેલા ગરમ વસ્ત્ર બહાર કાઢીને તડકે મૂક્યા છે. નલિયામાં સૌથી ઓછુ લઘુતમ તાપમાન ૧૦.૮ ડિગ્રી નોંધાયુ હતુ. હવે એવું લાગે છે કે દિવસે પણ ઠંડીનું જોર ધીમે ધીમે વધશે. લઘુતમ તાપમાન ગાંધીનગરનું ૧૧.૧ ડિગ્રી સેલ્શિયસ નોંધાયું હતું. દરમ્યાન હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૨૪ કલાકમાં તાપમાનમાં કોઈ વિશેષ પ્રમાણમાં વધઘટની વકી નથી. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વર્ષે શિયાળા દરમિયાન કડકડતી ઠંડી પડશે. આ ઉપરાંત અમદાવાદ, નલિયા સહિત રાજ્યનાં કેટલાંક શહેરોના લઘુતમ તાપમાન ૧૦ડિ.સે.થી નીચે જવાની પણ શક્યતા છે. ગાંધીનગર ખાતે રાજ્યનું સૌથી નીચું મહતમ તાપમાન ૧૧.૧ ડિગ્રી સેલ્શિયસ નોંધાયું હતું. જ્યારે અન્ય શહેરોમાં ડીસા ૧૨ ડિ.સે., ગાંધીનગર ૧૧.૧ ડિ.સે., અમદાવાદ ૧૧.૬ડિ.સે.,, વડોદરા ૧૫.૫ ડિ.સે., ભાવનગર ૧૬.૭ ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં ૧૫.૪ ડિ.સે., ભૂજ ૧૬.૮ અને રાજકોટમાં ૧૭.૬ ડિગ્રી સેલ્શિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. રાજ્યના મોટા ભાગનાં શહેરોના લઘુતમ તાપમાનનો પારો ધીમે ધીમે નીચે સરકે છે તથા બીજી તરફ વાતાવરણમાં સવારે અને મોડી રાત્રે ભેજનું પ્રમાણ વધતાં ગુલાબી ઠંડક પણ રાત્રી સમયે વધી રહી છે. દરમ્યાન હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૨૪ કલાકમાં સૂર્યાચ્છાદિત વાતાવરણ રહેશે તથા ભેજ વધવાથી રાત્રે ઠંડકનું પ્રમાણ થોડુંક વધશે. હવે ધીમે ધીમે ઠંડીનું પ્રમાણ આગામી દિવસોમાં વધવાની શક્યતાઓ વધી છે.

મતદાન આપણી પવિત્ર ફરજ છે, એને અવશ્ય નિભાવીએ

શબ્દાવલી - ૪૯૨૨



આડી ચાવી

૧. જવાબદારી, ફરજ (૬)
૬. મદીરાનો ગ્લાસ (૨)
૭. રીત-પ્રણાલી (૩)
૯. ...બન ગયા જેન્ટલમેન (ફિલ્મ) (૨)
૧૧. રાગ, આસક્તિ વિનાનું (૪)
૧૨. આબરૂ માટેની ઉપમા, સાડીનો માથે ઓઢાતો ભાગ (૫)
૧૫. સુંદર (૨)
૧૬. અભિમાન (૩)
૧૮. એક નાનકડું ફળ (૩)
૧૯. કિંમતી પથ્થર (૩)
૨૦. અનાજ વાવવું તે,... કરવી (૩)
૨૧. દવાની ગોળી (૩)
૨૨. હોઠ, ઓષ્ઠ (૨)

ઊભી ચાવી

૧. ઉતરાઈ, પાર ઉતારવાની ફી (૫)
૨. છુટ્ટી, રજાનો દિવસ (૨)
૩. પૈસા, કિંમત (૨)
૪. ઝડપથી, સ્પીડથી (૩)
૫. 'ગજબ' શબ્દ આડોઅવળો (૩)
૮. વારાફરતી (૫)
૧૦. સમૂહ, ઝંડ (૨)
૧૨. મુદ્રિકા, અંગુઠી (૨)
૧૩. રસાયણોથી બનેલું (૫)
૧૪. જળદેવતા (૩)
૧૬. ખોયેલું (૪)
૧૭. કોપી કરવી (૩)
૧૮. તંબુ, છાપણી (૩)

શબ્દાવલી ૪૯૨૧ના જવાબ

આડી ચાવી :- (૧) ગાજવીજ (૫) સગપણ (૬) ગોર (૭) ત્યજવું (૯) વાતાયન (૧૨) તાળો (૧૩) તીજ (૧૪) ચિનગારી (૧૬) અમર (૧૭) નખીયું (૧૮) ગઢ (૧૯) દુઃખદ

ઊભી ચાવી :- (૧) ગાણપત્ય (૨) વીર (૩) લાગ (૪) ખાણ (૫) સરવાળો (૮) જગન (૧૦) યતીમ (૧૧) નજરકેદ (૧૨) તારીખીયું (૧૪) ચિરાગ (૧૫) ગાન

ડીસા ભોયણ ગામના

માથાભારે ઈસમને સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટે પાંચ જીલ્લામાંથી કર્યો તડીપાર

ડીસા તા. ૧૨

બનાસકાંઠામાં વિધાનસભાની ચુંટણીઓ આડે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે જાહેર સુલેહ શાંતીની સ્થીતી કાયમ કરવા અને મતદાન મુક્ત વાતાવરણમાં થઈ શકે તે માટે ચુંટણી પંચની સુચનાએ વહીવટી તંત્રે અનેકો પગલા લીધેલ છે. જેમાં ડીસાના સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા ડીસા તાલુકાના નવી ભોયણ ગામે રહેતા અને વિવિધ ગુનામાં સંડોવાયેલા એક ઈસમ ને તેમને મળેલી સત્તાની રૂએ પાંચ જીલ્લામાંથી તડીપાર કરતો હુકમ કરેલ છે. આ બાબતની મળતી માહીતી જોતા ડીસા તાલુકાના ભોયણ ગામે રહેતા રમેશભાઈ ખેમાભાઈ ઠાકોર અનેક વિધ ગુનામાં સંડોવાયેલા હતાં. તેમની વિરૂધ્ધ ડીસા પંથકમાં મારામારી, જીવલેણ હુમલો, અપહરણ, પ્રોહિબિશન તથા એટ્રોસીટી કામના અંદાજીત દસથી વધારે ગુનાઓ વિવિધ પોલીસ સ્ટેશનોમાં દાખલ થયા હતા. આ મામલે આદર્શ ચુંટણી આચાર સહીતા અમલી કરણ અને જાહેર સુલેહ શાંતી બાબતે લેવાતા પગલા સંદર્ભે ડીસાના સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા વિવિધ ગુનામાં સંડોવાયેલા રમેશભાઈ ઠાકોર વિરૂધ્ધ પગલા લેવાયા હતાં. જેમાં ડીસાના સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ બી.કે. પટેલ દ્વારા આ ઈસમ વિરૂધ્ધ ચાર્જ પુરતા પુરાવા મળતા તેને તેમને મળેલી સત્તાની રૂએ પાંચ જીલ્લામાંથી તડીપાર કરતો હુકમ કર્યો હતો. જે મુજબ આ ઈસમ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, કચ્છ સહીતના પાંચ જીલ્લામાં બે વર્ષ સુધી પ્રવેશ કરી શકશે નહી. વહીવટી તંત્ર દ્વારા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે માટે લેવાયેલા આ પગલાથી અસામાજીક તત્વોમાં ફડફડાટ ફેલાયો હતો.

'આઈએમએ સ્ટેટ'

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચિદમ્બરમે જણાવ્યું હતું કે, આવી કોઈ વાત જ નથી અને મુખ્યમંત્રીએ પત્ર લખ્યાની મને જાણ પણ નથી. એફડીઆઈના મુદ્દે તેમણે જણાવ્યું હતું કે, ૧૦ રાજ્યોએ એફડીઆઈના નિર્ણયને આવકાર્યો છે. એફડીઆઈને પોતાના રાજ્યમાં પ્રવેશવા દેવો કે કેમ તે જે તે રાજ્યનો અધિકાર છે. કોંગ્રેસની સરકાર આવશે તો મુખ્યમંત્રી કોણ એવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે ચૂંટાયેલા ધારાસભ્યો જ પોતાના નેતા નક્કી કરશે. આ કોંગ્રેસની પ્રણાલીકા છે. સંપૂર્ણ લોકશાહીની રીતે કોંગ્રેસ કાર્ય કરે છે. પત્રકારોના પૂછાયેલ પ્રશ્નના જવાબમાં ચિદમ્બરમે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે આર્થિક નીતિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે કેમ કે, હાલ ગુજરાતની ભાજપ સરકારે જે પ્રમાણમાં નાણાં ઉછીના લીધા છે તે ભૂતકાળમાં નક્કી કરેલ તે ટોચ મર્યાદા કરતા વધારે છે. એફડીઆઈ, વ્યાજદર, રાજ્યનો વિકાસ, તુલના, નેતૃત્વ જેવા મુદ્દાઓ પર અનેક પ્રશ્નો પત્રકારો દ્વારા પૂછાયા હતા. જેના ચિદમ્બરમે જવાબો આપ્યા હતા. ચિદમ્બરે અંતમાં તેઓએ ગુજરાતના મતદાતાઓને કોંગ્રેસને વિજયી બનાવવા માટે મત આપવા પુનઃ આગ્રહભરી અપીલ કરી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન